# મહાનગરપાલિકા,
# જૂનાગઢ
# ભરતી અંગેની જાહેરાત

**જુ.મ.ન.પા./મહેકમ/જા.નં.૧૬** **તા.૦૪–૦૪–૨૦૧૭**

જૂનાગઢ મહાનગરપાલિકામાં કામગીરીની જરૂરીયાતને ધ્યાને લઈ નીચે જણાવેલ જગ્યાઓ માટે લાયકાત/અનુભવ ધરાવતા ઉમેદવારોને કોઈપણ જાતના હકક–હિસ્સા વગર કોન્ટ્રાકટ બેઈઝથી તદન હંગામી ધોરણે માસ–૬(છ) માટે કરાર આધારીત નિમણુંક આપવાની થતી હોય, જે અંગે અરજીઓ મંગાવવામાં આવે છે. નીચે મુજબની જગ્યાએ યોગ્યતા અને અનુભવ ધરાવતા ઉમેદવારોએ તેઓની શૈક્ષણિક લાયકાતો અને અનુભવના પ્રમાણપત્રો અને પ્રોસેસીંગ ફી પેટે ઓપન કેટેગરીના ઉમેદવારોએ રૂા.૧૦૦/–, ઓબીસી ઉમેદવારોએ રૂા.૫૦/– નો ડિમાન્ડ ડ્રાફટ (નોનરીફંડેબલ) **"કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, જૂનાગઢ"**ના નામનો ડિમાન્ડ ડ્રાફટ અરજી સાથે જોડવાનો રહેશે. એસ.સી., એસ.ટી.ના ઉમેદવારોએ ડિમાન્ડ ડ્રાફટ જોડવાનો રહેશે નહી. ઉમેદવારોએ **તા.૨૧–૦૪–૨૦૧૭** સુધીમાં મહાનગરપાલિકા, જૂનાગઢ **ની એ.ડી.એમ. શાખા રૂમ. નં.૧૦૭માં સવારે ૧૦.૩૦ કલાક થી સાંજે ૫:૦૦ કલાક સુધીમાં** પહોંચાડવાની રહશે. સમયમર્યાદા બાદ આવેલ અરજી અને લાયકાત તથા અનુભવ ન ધરાવતા ઉમેદવારોની અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી.

| ક્રમ | જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત | જગ્યાની સંખ્યા | ઉમર વર્ષ | માસિક મહેનતાણું |
|---|---|---|---|---|---|
| ૧ | ફુડ સેફટી ઓફિસર | કોઈપણ માન્યતા પ્રાપ્ત યુનિ.માંથી ફુડ ટેકનોલીજી અથવા ડેરી ટેકનોલીજી અથવા બાયો ટેકનોલોજી અથવા ઓઈલ ટેકનોલોજી અથવા કૃષિ વિજ્ઞાન અથવા પશુ ચિકીત્સા વિજ્ઞાન અથવા બાયો કેમેસ્ટ્રી અથવા માઈક્રો બાયોલોજી અથવા કેમેસ્ટ્રીમાં માસ્ટર ડિગ્રી અથવા મેડિસીનમાં ડિગ્રી | ૧ | ૩૫ વર્ષ સુધી | ૧૩,૭૦૦/– (ફિકસ) |
| ૨ | વિજિલન્સ ઓફિસર | માન્ય યુનિ.ના કાયદાના સ્નાતક અને ૩ વર્ષનો સરકારી, અર્ધસરકારી કે સ્થાનિક સ્વરાજયનો અનુભવ. | ૧ | ૩૫ વર્ષ સુધી | ૧૩,૭૦૦/– (ફિકસ) |
| ૩ | ફાયરમેન | ધો.૧૨ પાસ સાથે માન્ય ફાયર એકેડમીનો કોર્ષ તથા ૩ વર્ષનો સરકારી, અર્ધસરકારી કે સ્થાનિક સ્વરાજય સંસ્થામાં અનુભવ. | ૨ | ૩૫ વર્ષ સુધી | ૭,૧૦૦/– (ફિકસ) |
| ૪ | જુ.કલાર્ક | માન્ય.યુનિ.ના સ્નાતક તથા સરકારી, અર્ધસરકારી સંસ્થા કે સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં કલેરીકલ કામનો ૩ વર્ષનો અનુભવ અને કોમ્પ્યુટરના જાણકાર. | ૨ | ૩૫ વર્ષ સુધી | ૭,૮૦૦/– (ફિકસ) |

**શરતો : –**

**૧.** ઉમેદવારોએ સ્વહસ્તાક્ષરે અરજી કરવાની રહેશે, અને અરજી સાથે એક પાસપોર્ટ સાઈઝ ફોટો જોડવાનો રહેશે. તથા અરજીની સાથે શૈક્ષણિક લાયકાત, અનુભવ વગેરેના પ્રમાણપત્રોની પ્રમાણીત નકલ બીડવાની રહેશે.

**૨.** ઉપરોકત જગ્યાઓ માટે લાયકાત તથા અનુભવ ધરાવતા યોગ્ય ઉમેદવારોએ જ અરજી કરવાની રહેશે.

**૩.** એસ.સી/એસ.ટી./અન્ય પછાત વર્ગના ઉમેદવાર માટે ઉપલી વય મર્યાદામાં વધુમાં વધુ પાંચ વર્ષ સુધીની છુટછાટ આપી શકાશે.

**૪.** આ જગ્યા કરાર આધારીત હોઈ નિયત મહેનતાણા સિવાય અન્ય કોઈ લાભ મળવાપાત્ર રહેશે નહીં.

**૫.** જે અરજદારોને ઈન્ટરવ્યુમાં બોલાવવામાં આવે તેઓએ અસલ દસ્તાવેજો સાથે સ્વખર્ચે આવવાનુ રહેશે. આ અંગે કોઈ ખર્ચ મ.ન.પા. તરફથી ચુકવવામાં આવશે નહીં.

**૬.** ઉપરોકત ભરતીમાં કોઈપણ બાબતે ફેરફાર કરવાનો અધિકાર કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, જૂનાગઢનો રહેશે.

**ઈન્ટરવ્યુ સ્થળ : –**
કમિશ્નરશ્રીનું કાર્યાલય,
મહાનગરપાલિકા કચેરી, આઝાદ ચોક, જૂનાગઢ

– સહી –
કમિશ્નર
મહાનગરપાલિકા, જૂનાગઢ